# ॥ ॐ શ્રી સાઈરામ ॥

## ॥ ॐ શ્રી સાઈ વરદાય નમ: ॥ (૪)

વર (વરદાન) આપવાવાળા સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાનના પ્રત્યેક અવતારમાં તે પોતાના ભક્તોને તેમની તીવ્ર સાધનાનું ફળ આપતા હોય છે. જેમને પરમેશ્વર પ્રત્યે પ્રેમ છે, એમને સ્વામી વિવિધ પ્રકારે આશીર્વાદ આપે છે.

સાઈના શિરડી અવતારમાં તેઓ કહેતા-"મારાં ભક્તોને શરૂમાં તેમન જે જોઈએ તે આપું છું, એટલું આપું છું કે, છેલ્લે મને જે જોઈએ છે, તે તેમણ માગવું જોઈએ."

શ્રી સાઈની ' વર ' આપવાની આ એક અજબ કહાણી. દ્વારકામાઈમાં દરરોજ અનેક ભક્તો સાઈનાથના દર્શન માટે આવતા. તે સમયે સાઈની આજુબાજુ મ્હાળસાપતિ, માધવરાવ દેશપાંડે ઉર્ફે શામા, તાત્યા કોતે – પાટીલ એ બધા બેસતા હતા.

આ રીતે એક દિવસ એક ગૃહસ્થે  પોતાના કુટુંબ સમેત સાઈના દર્શન માટે આવ્યા. તેમની સાથે તેમનો નાનો દીકરો (બાબો) પણ હતો. દ્વારકામાઈના પગથિયાં ચઢીને ઉપર ગયા પછી તે ગૃહસ્થે સાઈના ચરણો પર મસ્તક મૂક્યું અને તેમના (છોકરા) દીકરાનું પણ બાબાના ચરણોમાં મસ્તક મૂકાવ્યું. છોકરાએ સાઈનાથના ચરણો પર મસ્તક મૂક્તાં જ, સાઈનાથે ઘણા પ્રેમથી તેને ઉઠાડીને પોતાની બાજુમાં બેસાડી લીધો અને પ્રેમપૂર્વક તેની સામે જોઈને કહ્યું- " દિયા"! આ સાંભળતા જ તેના પિતાને તેનો અર્થબોધ થયો નહીં. તો એ નાના બાળકને તો શું સમજાય? પરંતુ, આ બાજુમાં બેસેલા ' શામા ' એ સાંભળ્યું હતું. તેમણે તરત જ તે છોકરાને કહ્યું – ' લિયા ' !બોલ, તે પ્રમાણે એ છોકરાએ સાઈનાથને કહ્યું, " લિયા'!

આ સાંભળતા જ સાઈનાથ અત્યંત સમાધાનપૂર્વક હસ્યા અને તે જ ક્ષણે તેમણે પોતાની કફની કાઢીને તે છોકરાને પહેરાવી. આ કૃતિનો અર્થ તે સમયે કોઈને જ સમજાયો નહીં. આગળ જતા થોડા વર્ષો પછી સાઈનાથે 15 ઓક્ટોબર 1918ના રોજ વિજયાદશમીના દિવસે સમાધિ લીધી. પેલો નાનો છોકરો હવે મોટો થયો. ભણીને ડૉક્ટર થયો અને શિરડીમાં જે સંસ્થાન સ્થાપન થયું, તેના પ્રથમ અધ્યક્ષ થવાનું માન તેમને મળ્યું. તે હતા, ડો. ગવાણકર. જેમને ઘણાં વર્ષો પહેલાં જ સાઈનાથે પ્રત્યક્ષ પોતાના હાથે અધ્યક્ષ પદના ' મહાવસ્ત્ર' ચઢાવ્યા  હતા. સાઈનાથ નું આ વચન સુપ્રસિદ્ધ છે. -

સહાય અહીંથી  સર્વને  થશે, જે જે યાચે તે તે મળશે.

સાઈનો બીજો અવતાર, ભગવાન શ્રી સત્ય સાઇબાબા એ શિવ શક્તિ રૂપ છે તે બધાને ખબર છે. ભગવાન વિશે ભરદ્વાજ ઋષિને ' વર' આપ્યો કે પોતે તેમના કુળમાં ત્રણ વખત જન્મ લેશે, એમ કહ્યું હતું. શ્રી કોડમ રાજુને દેવી સત્યભામાએ ભગવાન શ્રીકૃષ્ણના આગમન બાબત સૂચિત કર્યું હતું. શ્રી વેંકાવધૂત આ યોગી પુરુષે કોંડમરાજુ ને પરમેશ્વર તેમના કુળમાં જન્મ લેવાના છે એવી સૂચના અગાઉ આપી હતી. એટલું જ નહીં, પરંતુ માતા ઈશ્વરમ્માને પુત્ર જન્મ પૂર્વે જ દિવ્ય તેજોવલય પોતાના શરીરમાં પ્રવેશ કરતો જણાયો હતો તે સર્વ પરમેશ્વરના ' વરદાન ' નો જ એક ભાગ હતો.

ભગવાન શ્રી સત્ય સાઈ બાબા કહે છે- " તમે જ્યારે મારી પાસે આવો છો, ત્યારે મને પ્રથમ જ જોતા હો છો. (જુઓ છો), એટલા માટે ક્યારેક સંકોચ કરો છો. પરંતુ હું તમને પહેલેથી ઓળખું છું. એટલે જ તમને મારી પાસે જે કંઈ માગવું હોય, તે વિના સંકોચ માગો. તમે તમારા પિતા પાસે કાંઈ માંગતી વખતે સંકોચ કરો છો કે? એવી જ રીતે મારી પાસે માંગો." સ્વામી એમ પણ કહે છે " હું અનેક પાસા હોવા વાળો અનમોલ હીરો છું. મારો ઉપયોગ પેપર વેટ તરીકે કરતા નહીં. આનો ગર્ભાર્થ એવો કે, હું તમને અત્યુચ્ચ ( અતિ ઉચ્ચ) એવું નજરાણું આપવા માટે આવ્યો છું અને તમે સર્વ સામાન્ય માંગણી કેમ માગો છો?"

સ્વામી જ્યારે સ દ્દભક્તોને કાંઈ આપે  છે ત્યારે તેમની વ્યવસ્થા "અનંત હસ્તે કમલવારે આપતા, કેટલું લઇશ તું બે હાથ વડે." એવી થાય છે.

**II ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ II**